Received on : 07-07-2026
Registered on : 07-07-2026
Decided on : 15-07-2026
Duration : Y M D
- - 08

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં. ૫૪૪/૨૦૨૬.**
આંક–

**અરજદાર.** રીમારામ ઉર્ફે રીમો ઘુડારામ થાવરભાઈ ગમાર,
ઉ.વ.આ.૩૫,ધંધો–મજુરીકામ,
રહે. પડલઈ, તા.કોટડા, જી.ઉદયપુર
રાજસ્થાન.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબ.

**સંદર્ભ :–** જુનાગઢ સી.ડીવી. પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૪૨૨૦૫૭૯/૨૦૨૨

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એન.બી.લાખાણી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ સી.ડીવી. પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૫૬૯/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. જીલ્લા સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૭ થી તપાસ કરનાર અમલદાર શ્રી એચ.બી.ચૌહાણ, પોલીસ સબ ઈન્સપેકટર, સી.ડીવી.પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એન.બી.લાખાણીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર/આરોપી સામે જુનાગઢ સી.ડીવી. પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧ ૨૦૩૦૨૩૨૬૦૫૬૯/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબના ગુનાની ફરીયાદ આપવામાં આવેલી છે. આ કામે અરજદાર/આરોપીની હાલના ગુનાના કામે તા.૦૫/૦૭/૨૦૨૬ ના રોજ અટક કરેલ છે. વધુમાં અરજદારની અટક થતા રીમાન્ડ આપવામાં આવેલ હતા અને ત્યારથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. આ કામનો ગુનો જોવામાં આવે તો, મુળ-૨૦૨૨ ની સાલનો રહેલ છે. આ કામે મુળ આરોપી જીગ્નેશ ગોંધીયાએ હાલના કામના અરજદાર/આરોપીનું નામ આપેલ છે. જો કે, હાલના

કામે અરજદાર/આરોપી તેઓના ઓળખીતા નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, અગાઉ પકડાયેલ આરોપી જીગ્નેશે માદક પદાર્થ ગાંજાનો જથ્થો રીમા નામની વ્યકિત પાસેથી મુદદામાલ લાવેલ હોવાનું જણાવેલ છે એટલે કે, હાલના કામના અરજદાર/આરોપી પાસેથી માદક પદાર્થ લાવેલ હોવાનું જણાવેલ છે. આરોપી જીગ્નેશ પાસેથી મોબાઈલ મળી આવેલ હતો. જો કે, હાલના કામના અરજદાર/આરોપી અગાઉ પકડાયેલ આરોપી જીગ્નેશને ઓળખતા ન હતા. વધુમાં રજુઆત કરેલ છે કે, મુખ્ય આરોપી જીગ્નેશનાઓને નામદાર હાઈકોર્ટે ક્રિમીનલ મી.એપ્લીકેશન(ફોર રેગ્યુલર બેલ આફટર ચાર્જશીટ) નં.૫૩૩૫/૨૦૨૩ ના કામે જામીન ઉપર મુકત કરેલ છે. હાલના કામે ગાંજાનો જથ્થો ધ્યાને લેતા કોમર્શીયલ કવોન્ટીટીનો નથી. ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતા ૧૦ વર્ષ સુધીની રહેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ પાટણ મુકામે એક એન.ડી.પી.એસ.નો ગુનો નોંધાયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અગાઉ પકડાયેલ આરોપીને નામદાર હાઈકોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરેલ હોય જેથી હાલના અરજદાર/આરોપીને પેરીટીનો લાભ આપવા જણાવેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામનો ગુનો ધ્યાને લેતા ૨૦૨૨ નો રહેલ છે. આ કામે અરજદાર/આરોપીનું પ્રથમથી જ એફ.આઈ.આર.માં નામ રહેલ છે. અગાઉ પકડાયેલ આરોપી જીગ્નેશ સામે ચાર્જશીટ થયેલ છે જેના એન.ડી.પી.એસ.કેસ નં.૩૧/૨૦૨૪ રહેલ છે તે કામે હાલના કામના અરજદાર/આરોપી નાસતા ફરતા આરોપી તરીકે દર્શાવેલ છે. વધુમાં અરજદાર/આરોપી સામે પાટણ પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ.એકટ હેઠળનો

અન્ય ગુનો નોંધવામાં આવેલ છે. આમ, હાલના કામના ગુનાની ગંભીરતા, જથ્થો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અમલદાર શ્રી એચ.બી.ચૌહાણ, પોલીસ સબ ઈન્સપેકટર, સી.ડીવી.પોલીસ સ્ટેશન જુનાગઢ નાઓનું આંક–૦૭ નું સોગંદનામું વંચાણે લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આરોપી નં.૧ જીગ્નેશ ઉર્ફે જીગો વિનોદભાઈ ગોંધીયાએ હાલના અરજદાર/આરોપી પાસેથી ગે.કા.વગર પાસ પરમીટ વગર વનસ્પતિજન્ય નશીલો પદાર્થ ગાંજાનો જથ્થો મેળવી પોતાના કબજા ભોગવટાના મકાનમાં રાખી રેઈડ દરમ્યાન ગાંજાનો જથ્થો ૩.૧૮૪ કિ.ગ્રા.જેની કિં.રૂા.૩૧,૮૪૦/– તથા મોબાઈલ સાથે આરોપી જીગ્નેશ હાજર મળી આવી તથા હાલના અરજદાર/આરોપી ન મળી આવી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) હાલના કામેનુ રેકર્ડ ધ્યાને લેતા હાલનો ગુનો ધ્યાને લેવામાં આવે તો, સને–૨૦૨૨ નો રહેલ છે. વધુમાં આ કામે અરજદાર/આરોપીનું એફ.આઈ.આર.માં પ્રથમથી નામ રહેલ છે તેમજ અગાઉ પકડાયેલ આરોપી જીગ્નેશ ઉર્ફે જીગો વિનોદભાઈ ગોંધીયાનાઓ સામેની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને જેના એન.ડી.પી.એસ.કેસ નં.૩૧/૨૦૨૪ રહેલ છે. હાલના કામે અરજદાર/આરોપીનો રોલ જોવામાં આવે તો, અગાઉ પકડાયેલ આરોપીએ હાલના અરજદાર/આરોપી પાસેથી ગાંજાનો જથ્થો મેળવેલ હતો. વધુમાં આ કામના અરજદાર/આરોપી લાંબા સમયથી નાસતા ફરતા રહેલ હતા. જેથી અગાઉ જામીન ઉપર મુકત થયેલ આરોપી જીગનેશ ઉર્ફે જીગાએ ગુનામાં ભજવેલ ભુમીકા તથા હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, ભિન્ન રહેલ છે. બલકે આ કામે અરજદાર/આરોપીનો ગુનામાં રોલ મહત્વનો અને ગંભીર બની રહેલ છે. વધુમાં હાલના કામે અરજદાર/આરોપી સામે ગુનાનું

ચાર્જશીટ પણ થયેલ નથી. તે સંજોગોમાં હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું ન્યાયીક અને વ્યાજબી જણાતું ન હોય જેથી ઉપરોકત ચર્ચા મુજબ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

- હાલના અરજદાર/આરોપી રીમારામ ઉર્ફે રીમો ઘુડારામ થાવરભાઈ ગમાર, રહે. પડલઈ, તા.કોટડા, જી.ઉદયપુર, રાજસ્થાનવાળાની જુનાગઢ જુનાગઢ સી.ડીવી. પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૫૬૯/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૭/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
(સ્પે. એન.ડી.પી.એસ. કોર્ટ)
જૂનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)